ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરની શરમકથા...

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની સંસ્કૃતિને ધબ્બો લગાડતી એક શરમજનક ઘટના ગઈ રાત્રે બનવા પામી હતી. ગીફ્ટસીટી કે જે આંતરરાષ્ટ્રીય સ્તરે નામ ધરાવે છે તે વિસ્તારમાં ખુલ્લા ખેતરમાં રાત્રે કોઈ શખ્સ કદાચ પોતાનુ પાપ છુપાવવા તાજુ જન્મેલુ ફુલ જેવુ માસુમ



બાળક ફેંકીને રફફુચક્કર થઈ ગયુ હતુ. કોઈ રાહદારીને બાળકનાં રડવાનો અવાજ સંભળાતા ખેતરમાં પડેલા બાળક અંગે પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બાળકને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયુ હતુ. હાલ બાળક દાખલ છે અને તંદુરસ્ત છે. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને આસપાસમાં આવેલી હોસ્પિટલ્સમાં તાજેતરમાં થયેલી ડીલીવરીની ડીટેલ્સ મેળવી બાળકની માતા સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે રાત્રે સાડા દસ વાગ્યાનાં અરસામાં ગાંધીનગર પોલીસ કંટ્રોલમાં કોઈ વ્યક્તિનો કૉલ આવ્યો કે ગીફ્ટસીટીમાં એક

**ગીફ્ટસીટી પાસે ખુલ્લા ખેતરમાં રાત્રે કોઇ શખ્સ તાજુ જન્મેલુ બાળક ફેંકી ગયુ : રુમાલમાં લપેટીને ત્યજી દેવાયેલા તંદુરસ્ત બાળકને સિવિલ હોસ્પિટલ લઇ જવાયુ : પોલીસે આસપાસની હોસ્પિટલ્સમાં થયેલી ડીલીવરી ડીટેલ્સ કઢાવી તપાસ શરુ કરી**

ખેતરમાં તાજુ જન્મેલુ બાળક ફેંકી દેવાયેલુ મળ્યુ છે. ગઈ કાલે રાત્રે ઝરમર વરસાદ પણ ચાલુ હતો. કદાચ ચાલુ વરસાદમાં જ કોઈ શખ્સ અંધારામાં અવાવરુ જગ્યા પસંદ કરી ગીફ્ટસીટીમાં ખુલ્લા ખેતરમાં બાળકને ત્યજી ગયુ હશે. કંટ્રોલમાં મળેલા કોલ બાદ

● અનુસંધાન પાન-૭ પર



પવિત્ર અમરનાથ યાત્રા ખાતે અનંતનાગ પાસે ગઈકાલે મોડીસાંજે થયેલા આતંકી હુમલામાં ગુજરાતના શ્રદ્ધાળુંઓ મૃત્યું પામ્યા છે. આંતકીઓના હીચકારા હુમલામાં ૭ ભકતોના મૃત્યુ થતાં દેશ-વિદેશ સહિત સમગ્ર ભારતમાંથી ઠેર-ઠેર આંતકીઓ સામે વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. દેશના નાગરીકો આતંકીઓના આ કૃત્યને સખ્ત શબ્દોમાં વખોડી રહ્યા છે. ત્યારે ગાંધીનગર વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ મોટીસંખ્યામાં સેકટર-૭ ભારતમાતાના મંદિર એકત્ર થયા હતા અને ત્યારબાદ શહેરના ઘ-૩ સર્કલે પહોંચ્યા હતા.જયાં આંતકીઓના પુતળાનું દહન કર્યું હતું અને સુત્રોચ્ચાર કરીને રોષ ઠાલવ્યો હતો. જયારે મૃતકોના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા વીએચપી પ્રમુખ અમૃતભાઈ ઠકકર, પ્રાંત સંગઠન મંત્રી અમૃતજી ઠાકોર, ગાંધીનગર શહેર સુરક્ષા પ્રમુખ હાર્દિક બારોટ, જિલ્લા સુરક્ષા પ્રમુખ શકિતસિંહ ઝાલા, શહેર ઉપપ્રમુખ બજરંગ દળ હર્ષદ બારોટ સહિત મોટીસંખ્યામાં કાર્યકર્તાઓ એકઠા થયા હતા અને આતંકી ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી.

# ગાંધીનગર એસ ટી ડેપોમાં લીસા ફલોરીંગ પર આજા ફીસલજાના દ્રશ્યો

**ડેપોમાં અત્યાર સુધી અનેક મુસાફરો અકસ્માતના ભોગ બન્યા : વરસાદી વાતાવરણમાં ફલોરીંગ પર પગ મુકતા જ મુલાકાતીઓ લપસી જાય છે**

ગાંધીનગર તા ૧૧

એસ ટી ડેપોમાં ગ્રામ્ય વિસ્તારના બસસ્ટોપ પર આજા ફીસલજા..ના દ્રશ્યો સર્જાયા છે. ડેપોના ફલોરીંગમાં નવી ટાઈલ્સો ફીટ કરવામાં આવી છે.લીસ્સી ટાઈલ્સ પર પગ મુકતા જ મુસાફરો ફસલાઈ પડે છે. અત્યાર સુધીમાં ઘણાં સિનિયર સિટીઝન્સ અકસ્માતનો ભોગ બન્યા છે. વરસાદી દિવસોમાં ભીની ફર્સ પર પગ મુકતા જ મુસાફરો લપસી પડતા પ્રબળ રોષ પ્રવર્તયો છે. ડેપો કક્ષાએ પણ આ વાતને ગંભીરતાથી લઈ યોગ્ય પગલા લેવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના એસ ટી ડેપોમાં તસ્કરી વૃતિનો ભોગ બનતા મુસાફરો માટે હવે પગ મુકવો પણ સલામત નથી. ડેપોમાં ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટેન્ડ પર લાખોના ખર્ચે થોડા સમય અગાઉ જ નવા ફલોરીંગનુ કામ કરવામાં આવ્યુ છે. પરંતુ નવી ટાઈલ્સ પર પગ મુકતા જ મુસાફરો લપસી પડે છે. અત્યાર સુધીમાં ઘણાં આ પ્રકારના અકસ્માતનો ભોગ બન્યા છે. રોજબરોજ સિનિયર સિટીઝન્સ સહીત ઉંમરલાયક મહીલાઓ પણ સ્લીપ થતા અકસ્માતનો ભોગ બની છે. વરસાદી દિવસોમાં ભીની ફર્સ પર પગ મુકતા જ મુસાફરો લપસી પડે છે. આવા સંજોગોમાં કેટલાક કિસ્સામાં મુસાફરો ગંભીર રીતે ઘવાયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ડેપો સંકુલને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સુધી સાકાર થઈ શકી

● અનુસંધાન પાન-૭ પર

# કોબા-અડાલજ માર્ગ ચાર માર્ગીય બનશે

**૪૮.૬૦ કરોડના ખર્ચે ત્રણ માર્ગોના નવીનીકરણના કામોને મંજૂર કરાયા : બાલવા-ગોઝારિયા માર્ગનું રિસરફેસીંગ કરાશે**

ગાંધીનગર, તા. ૧૧

રાજયના માર્ગ-મકાન વિભાગે ગાંધીનગર દક્ષિણ વિસ્તારના રૂ. ૪૮.૬૦ કરોડના ખર્ચે ત્રણ નવા રસ્તાના કામો મંજૂર કર્યા છે.

નવા મંજૂર કરાયેલ કામોમાં અડાલજ કોબા લીંક રોડ ૪ માર્ગીકરણ રૂ. ૧૪ કરોડના ખર્ચે બનાવવા ઉપરાંત અડાલજ-સાબરમતી કલોલ-મહેસાણા રોડમાં ૭ મીટર પહોળો નવો સર્વિસ રોડ બન્ને બાજુ પર સેન્ટ્રલ વર્જ સ્ટ્રીટલાઈટ ડીલેશન તથા ફૂટપાથવીથ ફર્નિચરની કામગીરી કરવા માટે રૂ. ૨૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત બાલવા-ગોઝારિયા રોડ ૧૫/૪૪૦ થી ૩૦/૦૦૦નુ રીસરફેસીંગ, નાળાકામ માટે રૂ. ૧૪.૬૦ કરોડ મંજૂર કરેલ છે. આમ કુલ ૨૩ કિ.મી.ના આ નવા રસ્તાઓ માટે રૂ. ૪૮.૬૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને અનુલક્ષી નવા ૨૦ સ્ટેન્ડ : નવી ૫૦૦ સાયકલો દોડશે

**ટ્રીન ટ્રીન .. ગ્રીન ગ્રીન પ્રોજેકટ નાગરિકો માટે આર્શીવાદરૂપ : આમ નાગિરિકોની જરૂરીયાતને ધ્યાને લઇ નવા સ્ટેન્ડ કાર્યરત**

ગાંધીનગર તા ૧૧

ગુડાનો જી બાઈક સાયકલ શેરીંગ પ્રોજેકટને નાગરિકો દ્વારા સારો પ્રતિસાદ મળતા સેકટરોમાં ઠેર ઠેર સાઈકલની ટ્રીન ટ્રીન સાંભળવા મળે છે. આરોગ્ય સુખાકારીને ધ્યાને લઈ નાગરિકો સાયકલ સવારી કરવા માટે જાગૃત બન્યા છે. જયારે ટ્રીન ટ્રીન ...ગ્રીન ગ્રીન પ્રોજેકટ અંતર્ગત શરૂઆતના તબક્કે ૧૦ સાયકલ સ્ટેન્ડ તેમજ ૧૦૦ સાયકલોની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે પ્રોજેકટ લોકઉપયોગી બનતા હવે નવા ૨૦ સાયકલ સ્ટેન્ડ તેમજ ૫૦૦ સાયકલોનો ઉમેરો કરવામાં આવ્યો છે. જેમાં ઘ-૧ , સે -૧૨ બસ સ્ટેન્ડ , સે-૨૫ જી આઈ ડી સી માં નવા





સ્ટેન્ડ કાર્યરત કરી દેવાયા છે. નવી સાઈકલો પણ આવી ગઈ છે.

શહેર પ્રદુષણ મુક્ત રહે નાગરિકોની આરોગ્ય સુખાકારી જળવાય તેવા ઉમદા આશયથી ગુડા દ્વારા ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે નગરમાં ટ્રીન ટ્રીન ગ્રીન ગ્રીન પ્રોજેકટની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રોજેકટ અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં બે દિવસમાં ૧ હજારથી વધુ તાવના દર્દી મળતાં તંત્ર હરકતમાં



**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ચોંકાવનારી હકીકતો : મચ્છરોના પોરા પણ વધુ મળ્યા તો તાવના દર્દીઓની સંખ્યાથી તંત્ર ચોંકી ઉઠ્યુ છે : મોન્સુન એક્શન પ્લાન અસરકારક રીતે અમલી બનાવવા સૂચના**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન બે દિવસમાં જ એક હજારથી વધુ તાવના દર્દીઓ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે તેમજ બે દિવસમાં ૩ હજારથી વધુ સ્થાનોએથી મચ્છરોના પોરા મળતાં જિલ્લા આરોગ્ય તંત્ર ગંભીર બની ગયુ છે.

વાહકજન્ય રોગચાળા અંગે પહેલા વરસાદના રાઉન્ડ પછી હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના અપાયેલા આદેશને પગલે આજે બીજે દિવસે તંત્રની ટીમો દ્વારા ૪૪,૧૬૨ ઘરોનુ સર્વે કરી અને ૨,૧૫,૫૪૦ લોકોને આવરી લીધા હતા.

આજે તંત્રની ટીમોને ૧૨૭૨

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ અસ્તિત્વ ભુસાયુ

**સ્થાનિક રહીશો આગ બબુલા આંદોલન કરશે : સે-૩,૫ અને સ-૬માં કંગાળ અને ગાબડાગ્રસ્ત માર્ગોની દશા સુધારવા ત્વરિત પગલા નહી લેવામાં આવે તો પાટનગર યોજના ભવનની કચેરીનો ઘેરાવો કરાશે : સેકટરોમાં માર્ગોના મામલે નેવુના દાયકા જેવી સ્થિતિ**





ગાંધીનગર તા ૧૧

શહેરના નવા સેકટરોમાં હાલ માર્ગો અદ્રશ્ય થઈ ગયા છે. સે-૩ ,૫ અને સે-૬ માં આંતરિક માર્ગો શોધવા પડે તેવી સ્થિતિ છે. પાંચ વર્ષથી વધુ સમયથી સેકટરોમાં આંતિરક માર્ગોના રીસરફેસીંગનુ કામ થયુ નથી. આંતરિક માર્ગોનુ સદંતર ધોવાણ થતા હાલ સેકટરોના આંતરિક માર્ગો અત્યંત જોખમી હાલતમાં છે. અઢી દાયકા પુર્વે માર્ગો અસ્તિત્વમાં આવ્યા તે પુર્વે નવ વિકસિત સેકટરોની જે હાલત હતી તેવા જ દ્રશ્યો આજે જોવા મળી રહયા છે. અનેક રજુઆતોના અંતે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. માર્ગો પરના ગાબડા દુર કરવા માટે ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવે તો વોર્ડનં-૭ ના કોર્પોરેટરો પાટનગર યોજના ભવનની કચેરીનો ઘેરાવો કરશે. અકબાજુ સેકટરવાસીઓ રોજબરોજ નાના મોટા અકસ્માતનો ભોગ બની રહયા છે. વાહન વ્યવહાર પણ જોખમી બન્યો છે. અનેકવારની રજુઆતના અંતે પણ માર્ગ સુધારણાની કામગીરી હાથ ન ધરાતા સ્થાનિકો પણ આગ બબુલા બન્યા છે.



શહેરમાં નવા અને જુના સેકટરોમાં માર્ગોની દશા ખરાબ છે. જયારે નવા સેકટરોમાં છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી માર્ગોની સુધારણાનુ કામ હાથ ન ધરાતા રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. સે-૩ ,૫ અને ૬ ના આંતરિક માર્ગો

● અનુસંધાન પાન-૭ પર

# ૧૭-૧૮ના વર્ષના ૧૪મા નાણાંપંચનો રૂ. ૧૪.૫૦ કરોડનો પ્રથમ હપ્તો મળી ગયો

ગાંધીનગર, તા. ૧૧

૧૪મા નાણાંપંચના ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષના પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૪.૫૦ કરોડની રકમ જિલ્લાને ફાળવી આપવામાં આવતાં હવે તે જે તે ગ્રામ પંચાયતોના હવાલે મુકવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

૧૪મા નાણાંપંચમાં ગામની વસ્તીના આધારે તેની ફાળવણી કરવામાં આવતી હોય છે. આ રકમ જે તે ગ્રામ પંચાયતના ખાતામાં સીધી જમા આપવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

૧૪મા નાણાંપંચમાં વિકાસના કામો હાથ ધરવા માટે સરકારે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરાવ્યા છે અને તે મુજબ જ તે નાણાં અગ્રતા પ્રમાણે વાપરવાના રહેશે. આ માટેની મંજૂરી પણ મેળવવાની રહેશે.

**ગ્રામ્ય વિસ્તારમાં વિકાસકામોની ગતિ વધુ વેગીલી બનશે : પંચાયતોમાં ખુશીનો માહોલ**

નવુ નાણાંકીય વર્ષ શરૂ થયાના ચાર મહિનામાં જ પ્રથમ હપ્તાની રકમ મળી જતાં હવે જિલ્લામાં ગ્રામીણ સ્તરે વિકાસના કામો વધુ વેગીલા બનશે. આ રકમનો પ્રથમ હપ્તો આવી જતાં પંચાયતોના નવા ચૂંટાયેલા પદાધિકારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાલ જિલ્લામાં રેતી-કાંકરીની ગ્રાન્ટ અંતર્ગત કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે. આ ઉપરાંત સભ્યોના વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાંથી પણ વિકાસકામો ચાલી રહ્યા છે. તાજેતરમાં જિલ્લા આયોજન મંડળમાં જે કામોને બહાલી અપાઈ છે તેને તાંત્રિક અને વહીવટીય મંજૂરી આપવાની કાર્યવાહી ગતિમાં હોવાથી હવે ગ્રામીણ વિસ્તારમાં વિકાસના કામો વધુ વેગીલા બનશે.

















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com